# ગુજરાત જાહેર સેવા આયોગ

**સેક્ટર–૧૦–એ, છ–૩"પરિણામ" સર્કલ પાસે,"છ"રોડ, ગાંધીનગર–૩૮૨૦૧૦**
**ફોન નં : (૦૭૯)૨૩૨ ૫૮૯૮૦ WebSite : https://gpsc.gujarat.gov.in**

## જા.ક્ર. ૨૫, ૨૬/૨૦૨૬–૨૭ ની પ્રાથમિક પરીક્ષા (સંબંધિત વિષય) ના કોમન ઉમેદવારો માટે અગત્યની સૂચનાઓ

આયોગ દ્વારા તા.૦૪/૧૦/૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ દરમિયાન નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની જાહેરાતોની **પ્રાથમિક પરીક્ષા (સંબંધિત વિષય)** એક સાથે યોજનાર છે. જે સંદર્ભે એક કરતાં વધુ જાહેરાતમાં ઉમેદવારી નોંધાવેલ કોમન ઉમેદવારોએ **Self-Declaration** ઓનલાઇન **https://gpsc-ojas. gujarat.gov.in** પર ફરજીયાત ભરવાનું રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | જાહેરાત ક્રમાંક |
|---|---|---|
| ૧ | ભૂસ્તરશાસ્ત્રી, ગુજરાત ખાણ સેવા, વર્ગ-૧ | ૨૫/૨૦૨૬-૨૭ |
| ૨ | મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, ગુજરાત ખાણ સેવા, વર્ગ-૨ | ૨૬/૨૦૨૬-૨૭ |

❖ **ખાસ સૂચના : ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ એક કરતા વધુ જાહેરાતોમાં કોમન ઉમેદવાર હોય, તો આ કોમન ઉમેદવારોએ તેઓની જાહેરાતોના પ્રવેશપત્રો પૈકી કોઈપણ એક જાહેરાતના પ્રવેશપત્રમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર પરથી જ પ્રાથમિક પરીક્ષા (સંબંધિત વિષય) આપવાની રહેશે. આવા કોમન ઉમેદવારો માટે તેઓએ જે જાહેરાતના પ્રવેશપત્ર પરથી પ્રાથમિક પરીક્ષા(સંબંધિત વિષય) આપેલ હશે તેમાં મેળવેલ ગુણ આ સિવાયની ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ અન્ય જાહેરાત/જાહેરાતોમાં પણ ધ્યાને લેવામાં આવશે.**

❖ **ઉક્ત વિગતોની સંબંધિત ઉમેદવારોએ ખાસ નોંધ લેવા વિનંતી.**

➢ આ ખાસ સૂચનાને ધ્યાને લઈ ઉપર્યુક્ત કુલ-૦૨ જાહેરાતો પૈકી એક કરતાં વધુ જાહેરાતમાં ઉમેદવારી નોંધાવેલ કોમન ઉમેદવારોએ Self-Declaration આપવા માટે https://gpsc-ojas.gujarat.gov.in/Common_Application.aspx લિંક પર Click કરી Self-


AIJobAlert.com

Declaration For Common Application ઓનલાઈન આપવાનું રહેશે. તેમાં ચૂક થયેથી તેની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે.

- જે ઉમેદવારે ઉક્ત જાહેરાતો પૈકી કોઈ એક જ જાહેરાતમાં ઉમેદવારી નોંધાવેલ હોય તેવા ઉમેદવારે Self-Declaration આપવાનું થતું નથી.

## Self-Declaration ભરવાની પદ્ધતિ:

આ અંગેનું Self-Declaration https://gpsc-ojas.gujarat.gov.in વેબસાઈટ પર ઉપલબ્ધ કરવામાં આવેલ છે. જે માટે ઉમેદવારે https://gpsc-ojas.gujarat.gov.in વેબસાઈટ પરના HOME PAGE પર "Self-Declaration" MENU માં જઇ Online Self-Declaration For Common Application પર Click કરવાનુ રહેશે. ત્યારબાદ સંબંધિત જાહેરાતનો, પોતાનો "CONFIRMATION NUMBER" અને "BIRTH DATE" તથા CAPTCHA ની વિગતો Enter કરીને "OK" Button પર Click કરી, Self-Declaration ભરી શકાશે. Self-Declaration ભર્યા બાદ ઉમેદવારે નીચે દર્શાવેલ Sample મુજબની Screen દેખાશે જેની ઉમેદવારોએ Screen Shot અથવા PDF ફાઈલમાં Save કરવું અનિવાર્ય છે. આયોગ દ્વારા જ્યારે Self-Declaration માટેની વિગતો માંગવામાં આવે ત્યારે રજૂ કરવાની રહેશે.

ઉપર્યુક્ત Self-Declaration આપવાની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે અને તેમાં ચૂક થયેથી કે ઉમેદવારે જે તે વિગતો ભરેલ ન હોય, તેવા ઉમેદવારોને જે-તે સંબંધિત પેપરના ગુણ મળવાપાત્ર થશે નહીં તેમજ આ અંગેની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે. આ સિવાય અન્ય કોઇ માધ્યમથી કે ઓફલાઇન Self-Declarationની વિગતો સ્વીકારવામાં આવશે નહીં.

પ્રસ્તુત Self-Declaration ઉમેદવાર **તા.૨૪/૦૯/૨૦૨૬ના રોજ બપોરે ૧૭:૦૦ કલાકે થી તા.૦૪/૧૦/૨૦૨૬ ના રોજ રાત્રે ૨૩:૫૯ કલાક સુધી** જ ભરી શકશે. જે ખાસ ધ્યાને લેવા વિનંતી.


GUJARAT PUBLIC SERVICE COMMISSION

Home | Registration | Online Application | Call Letter / Form | Fees | Download | Consent | Self Declaration

Advt No : **GPSC/ 202425/ 77**
Name :
Date of Birth :
Caste : **General**
Gender : **Male**
Confirmation No :

એક અથવા એક કરતા વધારે જાહેરાતોમાં આપે કરેલ અરજીની વિગતો નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.
**જો એક કરતા વધુ જાહેરાતોમાં અરજી કરેલ હોય અને તેની વિગતો નીચે દર્શાવેલ કોષ્ટકમાં દર્શાવેલ ન હોય તો ઉમેદવારે ADD APPLICATION વિકલ્પનો ઉપયોગ કરીને બાકી રહેલ જાહેરાતોની અરજીની વિગતો ઉમેરવાની રહેશે.**
**તેમાં ચૂક થયેથી તેની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે.**

| Applicant Name | Advertisement | Confirmation Number | Category | Remarks |
|---|---|---|---|---|
| | GPSC/202425/77 - Gujarat Water Supply and Sewerage Board Engineering Service (Civil)-Executive Engineer (Civil), Class-1 and Deputy Executive Engineer (Civil), Class-2 (GWSSB) | | General | Added by Applicant and Will be Considered Only After Verification |
| | GPSC/202425/126 - Gujarat Engineering Service (Civil), Class-1 and Class-2,Road & Buillding Department | | General | Added by Applicant and Will be Considered Only After Verification |
| | GPSC/202425/51 - Gujarat Engineering Service (Civil), Class-1 and Class-2, Narmada and Water Resources, Water Supply and Kalpsar Department and Road & Building Department | | General | Added by Applicant and Will be Considered Only After Verification |

Add Application


AIJobAlert.com

**લહિયા/વળતર સમયની સુવિધા મેળવવા માંગતા ઉમેદવારો માટે :**

ઉમેદવાર ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ જાહેરાતો પૈકી જે જાહેરાતમાં પ્રાથમિક પરીક્ષા(સંબંધિત વિષય) આપવા માટે બેસવાના હોય એ જ જાહેરાત માટે જ લહિયા/વળતર સમય માટે અરજી કરવાની રહેશે. આ માટે તેઓએ **તા.૩૦/૦૯/૨૦૨૬ રાત્રે ૨૩:૫૯ કલાક સુધીમાં** https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/INSCRIE-CS.pdf પરની સૂચનાનો અભ્યાસ કરી ઓનલાઈન અરજી કરવાની રહેશે. ત્યારબાદ ઓફલાઈન/ઓનલાઈન કરવામાં આવેલ રજૂઆત કોઈ પણ સંજોગોમાં ધ્યાને લેવામાં આવશે નહીં.

ઉપર મુજબ તમામ સૂચનાઓની સંબંધિત તમામ ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

--સહી--

**સંયુક્ત સચિવ**

**ગુજરાત જાહેર સેવા આયોગ**

**ગાંધીનગર**

**તા.૨૪/૦૯/૨૦૨૬**



AiJobAlert.com